અનજ/નવાબારકોડેડ રેશનકાર્ડ/ ૨૩૬૨/૨-૧૦/ભાગ – ૨

અન્ન અને ના પુ નિયામકની કચેરી,
સેકટર ૧૦ / A, ગાંધીનગર.
તા. ૩૦ /૮/૨૦૧૨

પ્રતિ
અન્ન અને નાગરિક પુરવઠા નિયંત્રકશ્રી
અમદાવાદ
જિલ્લા પુરવઠા અધિકારીશ્રી તમામ

વિષય : રેશનકાર્ડના વિભાજન બાબત

સંદર્ભ : (૧) અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત વિભાગના તા. ૦૫/૦૮/૨૦૧૦ ના ઠરાવનં કટક – ૧૦૨૦૦૮/૧૧૧/ક

(૨) અન્ન અને ના . પુ . નિયામક કચેરી ગાંધીનગરના તા. ૧૯/૧૦/૨૦૧૦ ના પરિપત્ર નં અનજ/નવા બારકોડેડ રેશનકાર્ડ/ ૨૩૬૨/૨૦૧૦-ભાગ-૨

રાજયમાં હાલ જુના હયાત રેશનકાર્ડને બદલે નવા બારકોડેડ રેશનકાર્ડના વિતરણની કામગીરી ચાલુ છે. રેશનકાર્ડ ધારકો તરફથી રેશનકાર્ડનું વિભાજન કરવા માટે સંદર્ભ(૧) ના ઠરાવથી ફોર્મ નં ૫ નો નમૂનો નિયત કરવામાં આવેલ છે. તેમજ સંદર્ભ (૨) હેઠળના ૧૯/૧૦/૨૦૧૦ના પરિપત્રના ફકરાનં ૧૧ (ઘ) તથા ફકરા નં ૧૫માં નવુ બારકોડેડ રેશનકાર્ડ વિભાજનથી મેળવવાં માટે સૂચના આપવામાં આવેલ છે.

જુના હયાત રેશનકાર્ડધારકો કે જેમણે ફોર્મ નં ૧ ભરેલ છે પરતું હજુ સુધી નવુ બારકોડેડ રેશનકાર્ડ મળેલ નથી તેવા રેશનકાર્ડ ધારકો તરફથી કુટુંબનુ વિભાજન થવાને કારણે કાર્ડ વિભાજન કરી નવુ બારકોડેડ રેશનકાર્ડ મળે તે માટે રજુઆતો મળતી રહે છે. આજ રીતે જે કાર્ડધારકોને નવુ બારકોડેડ રેશનકાર્ડ મળેલ છે તેવા રેશનકાર્ડમાંથી પણ કુટુંબનુ વિભાજન થવાને કારણે અલગ બારકોડેડ રેશનકાર્ડ કરી આપવા માટેની રજુઆતો મળતી રહે છે.

આ સમગ્ર બાબતોને ધ્યાને લઇને કુટુંબનું વિભાજન થવાને કારણે અલગ રસોડા એ ભોજન લેતાં કુટુંબના સભ્યોને અલગ બારકોડેડ રેશનકાર્ડ આપવા માટે તાલુકામાં મામલતદાર કચેરી હેઠળ ના જનસેવા કેન્દ્રો અને શહેર વિસ્તારમાં ઝોનલ કચેરી દ્વારા નીચે મુજબની કાર્યવાહી કરવાની રહે છે.

(૧) એક રેશનકાર્ડમાંથી વિભાજન કરી અલગ બારકોડેડ રેશનકાર્ડ મેળવવા માટે નિયત કરેલ નમૂના નં ૫ ના ફોર્મ માં સંપૂર્ણ વિગતો અને જરૂરી પૂરાવાઓના બીડાણ સહીતની અરજી જનસુવિધા કેન્દ્ર પર એટીવીટી ઓપરેટરને સુપ્રત કરવાની રહેશે.

(૨) અરજદાર દ્વારા રજુ થયેલ અરજી માં રજુ થયેલ વિગતો ઉપરથી ફોર્મ નં ૧ નો ક્રમ નંબર , જૂનો રેશનકાર્ડ નો નંબર અથવા નવા બારકોડેડ રેશનકાર્ડના નંબરની વિગત તથા અરજદારનુ નામ, સરનામુ વિગેરે તમામ વિગતો એટીવીટી કેન્દ્રના ઓપરેટર સોફટવેરમાં એન્ટ્રી કરીને રેશનકાર્ડ વિભાજન માટે અરજી મળ્યાની પહોંચ જનરેટ કરશે અને આ પહોંચ અરજદારને આપવામાં આવશે.

(3) જનસેવાકેન્દ્ર ખાતે એટીવીટી ઓપરેટર દ્વારા સોફટવેરમાં અરજી ફોર્મની વિગતોની ડેટા એન્ટ્રી કરવામાં આવશે, જેમાં રેશનકાર્ડના કૂલ સભ્યોમાંથી વિભાજન થી અલગ પડનાર સભ્યોની પસંદગી કરશે અને ત્યારબાદ મૂળ રેશનકાર્ડ અને વિભાજન થતાં રેશનકાર્ડના સભ્યોના સંબંધની વિગતને ચકાસીને જરૂરી જણાયે સુધારા કરશે. વિભાજીત થતાં રેશનકાર્ડ માટેના કુટુંબના સભ્યોના નામ સરનામાની વિગતો, ગેસકનેકશન તેમજ અન્ય વિગતો જેવી કે ખેડૂત ખાતેદાર , વાહન , પશુઓ વિગેરે વિગતોની ડેટાએન્ટ્રી સોફટવેરમાં કરશે.

(૪) એટીવીટી ઓપરેટર, અરજી ફોર્મમાં જણાવેલ વિગતોની સોફ્ટવેરમાં **Verify Button** મારફતે ચકાસણી કરશે અને આ રીતે ચકાસણી કર્યા બાદ અરજી નાયબ મામલતદાર (પુરવઠા) ને (**અરજી મોકલો મેનુ** માંથી) મોકલશે.

(૫) નાયબ મામલતદાર (પુરવઠા) " રેશનકાર્ડ ૨૦૧૧ (ફોર્મ – ૨) સોફટવેર" પેઇજ ઓનલાઇન ખોલીને અરજીને સ્વીકારશે.